# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

જયાં બાંધો ત્યાં ચાલે જાદુ એવાં માદળિયાં હોય છે
હોય ન સિદ્ધાંત સ્પષ્ટ એવા વાદળિયા હોય છે
બેસી જાય છે પલડાંમાં જયાં દેખાય લાડુ મોટો
લાભ જોઇ લેટી પડે એવા રાદળિયા હોય છે!
(પક્ષ પલ્ટુ નેતાઓ)

## હાઇકુ

આંધીનગર!
'રણ' બનશે હવે -
'ડસ્ટ' ફ્રી ઝોન..
(તઘલખી નિર્ણય)

લાગે છે ડર?!
સ્વર્ણિમ સંકુલમાં
અ-સુરક્ષા-નો?!
(તમામ માળે એક્સપ્લોરા!)

## ચિંતન

શશી દિવસ ધૂસરો ગલિત યૌવના કામિની સરો વિગત વારિજં મુખ મનક્ષરં સ્વાકૃતિઃ ।
પ્રભુર્ધન પરાયણઃ સતત દુર્ગતઃ સજ્જનો નૃપાંગ ણગતઃ ખલો મનસિ સપ્ત શલ્યાનિ મે ॥

'ભર્તૃહરિ નીતિશતકનો આ શ્લોક છે.

(૧) 'દિવસે નિસ્તેજ બનેલો ચંદ્ર (૨) ઓસરી ગયેલ યૌવનવાળી સ્ત્રી (૩) નાશ પામેલા કમળોવાળું સરોવર (૪) શાસ્ત્ર-જ્ઞાન વગરનો સુંદર શેઠ-માલિક (૫) સતત નિરંતર દુખમાં રહેતો સજ્જન અને (૭) રાજદરબારમાં ધાક જમાવી બેઠેલો દુર્જન. આ સાથ મારા મનમાં કાંટાની શૂળની જેમ ખૂંચે છે.'

પૃથ્વી છંદમાં લખાયેલા આ શ્લોકમાં એવી સાત જુદી જુદી પરિસ્થિતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. જે કવિ ભર્તૃહરિને હૃદયમાં ખૂંચે છે.

આજકાલ સંસદ-રાજયસભા-વિધાનસભામાં માણસ યોગ્યતા પ્રમાણે ચૂંટાતા નથી પૈસો અને શારીરિક બળથી ઘૂસી જાય છે અને ત્યાં પહોંચ્યા પછી કાળાં કામો-કમીશન દ્વારા પૈસા ઉલેચવાનું જ કામ કરે છે. રાજદરબારમાં પેસી ગયેલો દુર્જન આવી શૂળ જેવો છે. આમ આવાં સાત તત્ત્વો અહીં દૃષ્ટાંત રૂપ આપવામાં આવ્યાં છે.

## સુવિચાર

- લખવું એટલે... કાગળના ટુકડાને તમારા હૃદયના શ્વાસથી તરબતર કરી દેવો - **વિલિયમ વર્ડસવર્થ**
- વાંચવામાં સરળ લાગે(સમજવામાં સરળ લાગે) એવું લખવું ખૂબ અઘરૂં છે - **સીસેરો**
- પુસ્તકો વગરનો ખંડ એ આત્મા વગરના શરીર જેવો છે - **સુરેશ દલાલ**
- હૃદયમાં આગ ધધકતી હોય ત્યારે જ કલમ પકડી લેવી, ત્યારે લખવાનું મુલત્વી રાખવું એટલે ઇસ્ત્રી ઠંડી પડી ગયા પછી કપડા પ્રેસ કરવા... - **હેન્રી ડેવિડ થોરો**
- બીજાને વાંચી જાતને નિખારો, બીજાઓ એ લખવામાં જે જહેમત ઉઠાવી હશે તે તમને સહેલાઇથી મળી જશે - **સોક્રેટિસ**
- પ્રતિષ્ઠા માણસને મોટો બનાવે છે, ચારિત્ર્ય એને મહાન બનાવે છે - **ગુણવંત શાહ**

## બોધ કથા

ઇશ્વરે આપણે અરજી, ફરિયાદ વિનંતી કે પ્રાર્થના વિના જે આપ્યું છે એની આપણને કદર નથી નકામી પણ આપણી ઇચ્છાની વસ્તુઓ આપણે માગ માગ કરીએ ને મળે તો ઇશ્વરને બહેરો-દયાહીન કહીએ છીએ. હકારાત્મક દૃષ્ટિથી જે મળ્યું છે એમાં સંતોષ અને આભાર માનવો જોઇએ.

એક મધ્યમવર્ગી માણસ ગરીબીથી કંટાળી એક સંત પાસે ગયો અને મરી જવાની ઇચ્છા વ્યક્ત કરી ઇશ્વર વિશે અનદેખી કરવાની ફરિયાદ પણ કરી.

સંતે કહ્યું - આપણા સમ્રાટ મારા પરિચિત છે અને તમારા જેવા મરી જવાની ઇચ્છાવાળાને 'એક હજાર સોના મહોર' આપી બચાવી પણ લે છે મારૂં નામ લઇને તું એને મળી તો જો!

પેલો ગરીબ તરત રાજા પાસે ગયો અને સંતનું નામ લઇ બધી વાત કરી - રાજા કહે એની વાત સાચી છે હું એક હજાર સોનામહોર આપું છું. 'તું મને તારી બે આંખ આપી દે!'

પહેલો માણસ તો બઘવાઇ જ ગયો - સો સોના મહોર નજર સામે તરતી હતી પણ પછી નજર નું શું?

રાજા કહે તારી પાસે બે હાથ - બે પગ - હૈયું - મન - વિચારશક્તિ બધું જ ઇશ્વરે તને માગ્યા વિના આપ્યું છે.. જે વેંચવું હોય તે, બોલ.

પેલો સમજી ગયો - પોતાની ફરિયાદો પાછી ખેંચી, ઇશ્વરનો આભાર માની, ધંધે લાગી ગયો.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# સારી નાગરિક્તા કેળવવાના આડે જો કોઇ સૌથી મોટી અડચણ હોય તો તે છે આપણે બેદરકાર સ્વભાવ

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

આ વખતના ઉનાળાએ તો ખરેખર મોટાં મોટાં ખેરખાંઓને પણ પાણી - પાણી કરી નાંખ્યા છે. આકરો તાપ લઇ આવનારાં દિવસને વધાવી લેવાની સજ્જતા કેળવવા માટે સવારની તાજગીભરી ટાઢકમાં આમ... ચ-૦ બાજુ ચહેલ કદમી કરવા માટે નીકળી પડી. શાંત વાતાવરણમાં મન પ્રસન્ન થઇ ગયું. ત્યાં જ નજર પડી તો પોલીસ ચોકીની પાછળ બનાવેલા સુંદર બગીચામાં એક ભાઇ પોતાનો કૂતરો લઇને ઘૂસ્યા. પોતે તો ચોકીની વાડનો દરવાજો જાતે ખોલીને પ્રવેશ્યા પછી પોતે બે-ચાર લટાર મારી કૂતરાને ફેરવ્યો અને દરવાજો બંધ કર્યા વગર જ બહાર નીકળી ગયાં. ખુલ્લા દરવાજામાં કોઇ પણ ઢોર-ઢાંખર પ્રવેશી કાળજી પૂર્વક સજાવેલા બગીચાનું સત્યાનાશ કરી શકે. પણ ફિકર કોને? સર્કલનો ખુલ્લો બગીચો છોડી લગભગ આરક્ષિત જણાતા બગીચામાં પ્રવેશવાની વિલાસીતા ભોગવવી છે પરંતુ તેને જાળવવાની દરકાર રાખવી નથી! આવી બેદરકારીનું શું કરવું?

સારી નાગરિક્તા કેળવવાના આડે જો કોઇ સૌથી મોટી અડચણ હોય તો તે છે આપણે બેદરકાર સ્વભાવ... ઘરનાં આંગણામાં, બગીચામાં, મંદિરમાં, શાક માર્કેટમાં, બસસ્ટેન્ડમાં, થિયેટરમાં, શોપિંગ સેન્ટરોમાં, સર્કલો પર, રસ્તા પર, બસમાં, ટ્રેનમાં, પુલ પર, દરેક જગ્યાએ આપણે બિન્દાસ્ત કચરો ફેંકતા હોઇએ છીએ. એમ વિચારીને કે વાળવા વાળા વાળી લેશે, બરાબર છે. જાહેર જગ્યાઓની સફાઇ સરકારની જવાબદારી છે. પરંતુ જયાં ત્યાં કચરાના ઢગલા ખડકી દેવાની આપણી બેદરકારીનું શું? માત્ર નાગરિક ધર્મ નિભાવવામાં જ આ બેદરકારી નડે છે એવું નથી હો!

સામાજિક વ્યવહારો નિભાવવામાં પણ આ બેદરકારીનું દૂષણ આપણે ડામી શકતા નથી. કોઇનાં ઘરેથી નીકળતાં હોઇએ ને રાત પડી ગઇ હોય તો રસ્તામાં હડતાળ કે તોફાનો જેવાં કંઇક વિઘ્નો આવતાં હોય તો કયાંક દૂર પહોંચવાની તૈયારીમાં હોઇએ ત્યારે સ્વાભાવિક છે વિદાય આપનારને થોડી ચિંતા રહે કે આપણે હેમખેમ મંઝીલે પહોંચ્યા કે નહિ. ત્યારે બેદરકારી છોડી એક નાનકડો ફોન કોલ કરી દેવો કેટલું અગત્યનું બની જાય છે! પણ... આપણને તો એમાંય આળસ આવે છે. થાય છે! થશે! શું ઉતાવળ છે! કોઇનું દેવું ચૂકવવામાં કે ઉછીનાં લીધેલી વસ્તુ પેદા કરી દે છે. મારી પાસેથી ઘણાં લોકો ચોપડીઓ વાંચતા લઇ જાય. હવે આપણે કોને - કોને કઇ કઇ ચોપડી આપી એવું કયાં યાદ રાખવું? (આ પણ એક પ્રકારની બેદરકારી જ છે) તો, થાય છે એવું કે મોટા ભાગે ચોપડી પાછી આવતી જ નથી. કયારેક ભૂલી - ભટકી યાદની જેમ પરત આવે ત્યારે એવી ચિંથરેહાલ થઇ ગઇ હોય કે પાછી લેવાનું મન જ ન થાય. મારા લગ્નપ્રસંગે મારા મિત્રોએ "સુરેશ દલાલની સમગ્ર કવિતા" ની સુંદર ચોપડી મને ભેટ આપી હતી. મારે માટે તે ઘણી અમૂલ્ય ભેટ હતી પરંતુ કોઇ તેને વાંચવા લઇ ગયું તે લઇ ગયું લગ્નના બે દસકા વીતી ગયા પણ તે ચોપડી મને હજી પાછી મળી નથી. પરિણામ એ આવ્યું કે લોકોની બેદરકારીથી કંટાળીને મેં સરકારી પુસ્તકાલયનો જ ઉપયોગ શરૂ કર્યો. (કોઇને પુસ્તક માટે ના તો ન કહી શકાય) કેટલાંક અગત્યનાં કામો આપણી બેદરકારીને કારણે કરવાનાં રહી જતા હોય છે. આજે કરીશ? કાલે કરીશ? માં જીવન વહ્યું જાય છે અને યમરાજના પગરવ સંભળાય ત્યારે સમજાય છે કે જીવનનાં અગત્યનાં વર્ષો તો બેદરકારીમાં જ વેડફી નાંખ્યા છે.

**માત્ર નાગરિક ધર્મ નિભાવવામાં જ આ બેદરકારી નડે છે એવું નથી હો! સામાજિક વ્યવહારો નિભાવવામાં પણ આ બેદરકારીનું દૂષણ આપણે ડામી શકતા નથી**

ઇતિહાસ સાક્ષી પૂરે છે. આપણી નાની - નાની બેદરકારીની કેટલી મોટી કિંમત આપણે ચૂકવવી પડે છે. પ્લાસીનું યુદ્ધ થયું તે વખતની એટલે કે ઇ.સ. ૧૭૫૭ની આ સત્ય ઘટના છે. પ્લાસીનું યુદ્ધ મુર્શિદાબાદ પાસે થયું હતું. એ બંગાળના નવાબની રાજધાની હતી. આ યુદ્ધ નવાબ સિરાજ-ઉદ્-દૌલાની વધતી મહત્વાકાંક્ષા પર અંકુશ મુકવા થયું હતું. બ્રિટીશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ફક્ત ૪૪૦૦ સૈનિકોએ નવાબના પચાર હજાર સૈનિકોને પ્લાસીની લડાઇમાં હરાવી દીધા. ફ્રાન્સ અને બ્રિટન પોતાના હક્ક માટે લડતાં હતા તે સાત વર્ષ દરમિયાન આ યુદ્ધ થયું. નવાબની સાથે ફ્રાન્સની સેના હતી. યુદ્ધની શરૂઆત ૧૭૫૬માં થઇ. નવાબના સૈનિકોએ ફોર્ટ વિલિયમ અને કોલકાત્તા પર કબજો કરી લીધો. તેને કારણે કર્નલ રોબર્ટ કલાઇવ અને એડમીરલ ચાર્લ્સ વોટસનની પ્રતિષ્ઠા પર ડાઘ લાગ્યો. તેણે તનતોડ સંઘર્ષ કરી કોલકાત્તા પર કબજો કરી દીધો. ૨૩ જૂન ૧૭૫૭માં સવારે છ વાગ્યે પ્લાસીનાં જંગ ખેલાયો. નવાબના સૈનિકોની સંખ્યા ઘણી વધારે હતી. પણ બપોરે બાર વાગ્યે મુશળધાર વરસાદ વરસ્યો. આ દરમિયાન અંગ્રેજોએ પોતાની તોપ, બંદૂકો અને દારૂગોળો ઢાંકી રાખ્યો પણ નવાબે બેદરકારી દાખવી. બપોરે બે વાગ્યે વરસાદ અટક્યો ત્યાં સુધીમાં નવાબની તોપ અને દારૂગોળો બંને હવાઇ ગયાં હતાં. એ જ સમયે મીરજાફરની પાયદળ સેનાએ લડવાનો ઇન્કાર કર્યો. બાકગીના સૈનિકો યુદ્ધમાં લડ્યાં પણ હાર નિશ્ચિત હતી. કલાઇવના ફક્ત બાવીસ સૈનિક મર્યા અને નવાબના ૫૦૦ સૈનિકો મરાયાં અને અંગ્રેજોને સત્તાનો ખજાનો મળી ગયો. નવાબની બેદરકારીએ આપણને બસ્સો વર્ષની ગુલામીનાં નર્કમાં ધકેલી દીધા. અહીં નવાબની સાથે - સાથે મીર જાફરે પોતાના વ્યવસાય પ્રત્યે દાખવેલી બેદરકારી પણ એટલી જ જવાબદાર છે.

ડોકટર પોતાના વ્યવસાયમાં બેદરકાર રહે ત્યારે પ્રાણનું જોખમ ઊભું થાય છે, શિક્ષક પોતાના વ્યવસાયમાં બેદરકાર રહે ત્યારે સમાજની તંદુરસ્તી જોખમાય છે. તે જ રીતે વકીલ, કાયદાના રખેવાળો, સમાચાર માધ્યમો, વેપારીઓ, એન્જિનિયરો, વૈજ્ઞાનિકો કોઇ પણ પોતાના વ્યવસાયમાં બેદરકારી દાખવે છે ત્યારે સમાજ અને દેશની સલામતી જોખમાય છે. ગોળમેજી પરિષદમાં ગાંધી બાપુ જયારે હાજરી આપવા જઇ રહ્યાં હતા. ત્યારે ઝવેરચંદ મેઘાણીજીએ ગાયું કે -

"છેલ્લે કટોરો આ ઝેરનો પી જજો બાપુ"

- ત્યારે એક કવિએ પોતાના વ્યવસાય પ્રત્યે બતાવેલી સજગતાને સલામી અપાઇ જાય છે. આ સજાગતા દરેક વ્યવસાયીએ અપનાવવી રહી. તો જ આપણે ગેંગ રેપ જેવી શરમજનક ઘટનાઓ, કસાબો, મેચ ફિક્સરો, ભ્રષ્ટાચારી નેતાઓ અને ભ્રષ્ટાચાર, કુરિવાજો સામે સશક્ત લડત આપી શકીશું. ચાલો બેદરકારી ને ત્યાગવામાં બેદરકારી ન બતાવીએ સજગ અને સભાનતાથી કરેલાં કર્તવ્યો જ આપણને, દેશને, સર્વને મહાનતા ભણી દોરી જશે? (લેખ વંચાઇ જાય પછી છાપાનો વીંટો ન વાળી દેતા જો જો?)

- તારી સ્વાતિ

# 'દશમૂળ' શબ્દ જોતા જ ખ્યાલ આવે કે અહિં દસ વનસ્પતિઓના મૂળને સંબંધિત કંઇક વાત છે, દશમૂળની વનસ્પતિઓને પાંચ-પાંચના બે જૂથોમાં વિભાજીત કરી છે

## દશમૂળ
## નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય



આયુર્વેદમાં મુખ્યત્વે બે પ્રકારની ઔષધીઓનું વર્ણન છે. એક છે કાષ્ઠૌષધિ અને બીજી રસૌષધિ. કાષ્ઠૌષધિ એટલે એ કે જે વૃક્ષોના વિવિધ ભાગોમાંથી બનાવવામાં આવી હોય જયારે રસૌષધિ એ કે જે વિવિધ ધાતુઓ - Minerals માંથી બનાવાઇ હોય. આમ જોઇએ તો આયુર્વેદમાં કાષ્ઠૌષધિઓનો દબદબો છે. ચરક તેમજ સૃશ્રુત સંહિતામાં નજર કરીએ તો રોગોના નિવારણ હેતુ કાષ્ઠૌષદિઓ જ ઉપયોજાયેલી જોવા મળે.

આ કાષ્ઠાઔષધિઓ અનેકોની સંખ્યામાં છે વળી, એક ઔષધિના પણ અલગ - અલગ પ્રકારો પડે છે આથી સમગ્રયતા વધુ ખૂબ ગૂંચવાયેલું લાગે. આથી આયુર્વેદમાં નિઘંટુઓની રચના થઇ જેમાં વનસ્પતિઓની તેના કુળ, તેના રોગોપટામન જેવા વિવિધ પ્રકારો અંતર્ગત વહેંચણી કરવામાં આવી. આવી અમુક વનસ્પતિઓના જૂથને એક સમૂહ તરીકે જાહેર કરાયો. આ સમૂહ એટલે એવી વનસ્પતિઓ ક`જે કોઇને કોઇ રીતે એકબીજા સાથે સામ્યતા ધરાવતી હોય, અથવા એકબીજાની પૂરક હોય. આવો જ એક સમૂહ એટલે દશમૂળ. 'દશમૂળ' શબ્દ જોતા જ ખ્યાલ આવે કે અહિં દસ વનસ્પતિઓના મૂળને સંબંધિત કઇક વાત છે. દશમૂળની વનસ્પતિઓને પાંચ-પાંચના બે જૂથોમાં વિભાજીત કરી છે. પ્રથમ ભાગ છે બૃહત (મોટું) પંચમૂળ અને બીજો છે લઘપંચ મૂળ. આ લેખમાં આપણે બૃહત પંચમૂળ વિષે જાણીએ. (લઘુ પંચમૂળ આવતા અંકે...)

બૃહત્ પંચમૂળમાં જે પાંચ વનસ્પતિઓનો સમાવેશ થાય છે તે છે બીલી (બિલ્વ), અરણી (અગ્નિમન્થ), અરલૂ (શ્યોનાક), કાંકચ (પાટલા) અને સીવણ (ગંભારી).

- બિલી

બિલ્વ વૃક્ષનું આધ્યાત્મિક મહત્ત્વ તો છે જ પરંતુ તેનું ઔષધીય મહત્ત્વ પણ એટલું જ છે. બિલીના ફળ કે જેને બીલા કહે છે તેની ફળમજજાનો મુરબ્બો કે શરબત આપણામાંથી ઘણા પીતા હશે. આ ફળમજ્જા પાચનતંત્ર માટે ખૂબ હિતકારી છે. મરડો, ઝાડા, અર્જીણ આદિને શાંત કરે છે. બિલીના મૂળ વાતનાશક છે. મેદોરોગ, તાવ તથા દુઃખાવામાં રાહત આપે છે.

- અરણી

અરણીને એરણ પણ કહે છે. અરણીના મૂળ વાયુને દૂર કરે છે. સોજામાં પક્ષાઘાતમાં, વેદનામાં તથા સંધિવાતમાં અરણીના મૂળનું તેલ કે અરણીનો વાટીને ચોપડવાથી ખૂબ ફાયદો થાય છે. અરણીના મૂળના ચૂર્ણને ઘી સાથે ખાવાથી શિયસમાં રાહત થાય છે.

- અરલુ

કોઇ પણ પ્રકારના ઝાડા થયા હોય તો અરલુના મૂળ, છાલ, પાન હિતકર છે. આ ઉપરાંત શરીરની ગરમી તથા મોંમાં ચાંદી તેમજ તજા ગરમીમાં પણ અરલુના મૂળ હિતકર છે. વળી, અરલૂના મૂળ દુખાવા, સોજા તેમજ સંધિવાતમાં પણ રાહત આપે છે.

- કાંકચ

કાંકચ (પાટલા)માં બે ઉપજાતિઓ છે. એક વેલ થાય અને બીજી વૃક્ષ થાય. વેલ પાટલા એ રક્તદોષ, પિત્તનો નાશ કરે છે જયારે વૃક્ષ પાટલા કફ અને વાયુનો નાશ કરે છે. કાંકચના મૂળ પણ સોજામાં, વાયુના રોગોમાં રાહત આપે છે.

- સીવણ (ગંભારી)

સીવણના ફળ વાળ વધારનાર, ધાતુ પુષ્ટી કરનાર તેમજ રક્તપિત, રક્તદોષ, અજીર્ણ માટે હિતકારી છે. સીવણના મૂળ પિત અને વાયુના રોગો માટે હિતકર છે.

આમ, આ પાંચ ઔષધોના ગુણો મુજબ તેની પ્રકૃતિ તેમજ બળના આધારે ચિતિત્સા માટે ઉપયોજી શકાય. ચિકિત્સકની સલાહ લેવી જરૂરી છે. લઘુપંચ મૂળ આવતાં અંકે...

# એક ચિત્ર જોતાં હું સ્તબ્ધ જેવો થઇ ગયો, તે ચિત્રમાં જે દશ્ય હતું તે અદ્દલ મારા ગામની નદી કિનારેના શિવાલયને મળતું હતું, મને થોડું આશ્ચર્ય થયું

## રહસ્યમયી ચિત્રકાર
## વાર્તા

હર્ષદરાય ઉપાધ્યાય

જીવનમાં એવા માણસ સાથે પરિચય થાય છે કે જેને મળ્યા પછી વર્ષો સુધી તેને ભૂલી શકાતો નથી. વાત છે પર્વતોની રાણી મસુરીના એક ચિત્રકારની કે જેનાં ચિત્રો અને તે ચિત્રકારની ચિત્ર દોરવાની કલા જોતાં વિસ્મય થયા વગર ન રહે.

મૂળ અમે સાબરકાંઠા જિલ્લાના નાનકડા માલપુર તાલુકાના એક અતિતમાં ખોવાઇ ગયેલ ગામ પીપરાણાની વતની. અતિત એટલા માટે કે આજે આ ગામ નામશેષ થઇ ગયું છે. ગામમાં સમ ખાવા પુરતું પણ કોઇ માણસ કે અવશેષ નથી. સલામતીના નામે ગામ ને ખસેડવું પડ્યું છે. પરંતુ સદીઓનો ઇતિહાસ ધરાવતા ગામમાં જેણએ પર ગામ જેમનું તેમ ઊભું હશે. આશરે ચાર-પાંચ હજારની વસ્તી ધરાવતા ગામને વાત્રકનો કાંઠો મળ્યો હતો. ગામના પ્રત્યેક ખૂણાથી મારી જેમ સૌ પરિચિત હોય જ. આંખો બંધ કરતાં, પ્રત્યેક ગલી, નાકુ, ચોગાન, રસ્તા, મકાનો, મકાનોના વાડા, વૃક્ષો, કુવા, ખેતરો, પાદર, અને તમામ જગાની રચના નજર સમક્ષ ખડી થાય છે. નદી કાંઠાનાં મંદિરો બિલકુલ દૃશ્યમાન થાય છે. પરંતુ આજે આમાનું કશું જ નથી. માત્ર માટીના ઢગલા અને આડેધડ ઉગેલા છોડ, વૃક્ષોનું જંગલ છે.

સૌ ગામવાસીઓને નજીકના શહેરમાં વસાહત માટે વ્યવસ્થા થઇ છે. અમે ગાંધીનગર આવ્યા છીએ. છેલ્લા પાંત્રીસ વર્ષ આ શહેરના નામે થયાં છે. ૨૨ વર્ષ પૂર્વે મા-બાપ અકસ્માતે મૃત્યુ પામ્યાં છે. યાદો સિવાય કાંઇ નથી. પરંતુ આ વર્ષે આ બધું અચાનક પુનઃ યાદ આવી ગયું છે કેમ કે ઉનાળાના દિવસો અને વેકેશનની મજા હોઇ મિત્ર પરિવાર સાથે એક હરિદ્વાર તરફ પ્રવાસે નીકળ્યા હતા.

હરિદ્વારથી બે દિવસ મસૂરીની મુલાકાતે ગયા. વાત આ મસુરીની છે.

મસુરી એટલે પર્વતોની રાણી. ઉનાળામાં ગુજરાતી અને અન્ય પ્રવાસીઓ અહિં ઉભરાય છે. અમે સારી જગ્યામાં ઉતારો કર્યો એન નીકળી પડ્યા મસુરીની સફરે.

મકાનનાં ધાબાં ઉપર પાર્કિંગ હોય છે અને ઢાળ અને ચઢાણ વાળા માર્ગો છે. શહેરની એક શાંત જગાએ બજાર પણ છે. આમ તો બધે બજાર છે પરંતુ અહિં સ્થાનિક લોકો માટે બજાર છે. શાકભાજી, કટલરી વસ્તુઓ, કપડાં, મીઠાઇ જેવી વસ્તુઓની દુકાનો છે.

અમે ટહેલતા ટહેલતા જતાં હતા ત્યાં મારી નજર એક ચિત્રની દુકાનમાં ગઇ. ચિત્રકારે અદ્ભૂત ચિત્રો દોર્યા હતા. જોયું તો એક આધેડવયની સ્ત્રી બેઠી હતી. તેને મેં પૂછ્યું અને તેણે જણાવ્યું કે તેના દીકરાએ આ ચિત્રો દોર્યા છે. તે સુંદર ચિત્રકાર છે મને આ ચિત્રકારને મળવાનું મન થયું. તેનું નામ વિરાટ હતું. પણ તે અત્યારે હાજર ન હતો. તેના ચિત્રોમાં અજબ આકર્ષણ અનુભવાતું હતું. અમે સૌ પરત હોટલે આવ્યાં. સાંજે હું એકલો ત્યાં નીકળી પડ્યો. તે વિરાટ દુકાનમાં જ હતો.

તે યુવક છટાદાર હતો. તેનો બાંધો મજબૂત હતો. રંગે ગોરા જેવો હતો. તેના ચહેરામાં મને ન સમજાય તેવું કશુંક આકર્ષણ હતું. મને તેણે બેસવા ખૂરશી આપી અને તેનાં ચિત્રો બતાવવા લાગ્યો.

એક ચિત્ર જોતાં હું સ્તબ્ધ જેવો થઇ ગયો. તે ચિત્રમાં જે દૃશ્ય હતું તે અદ્દલ મારા ગામની નદી કિનારેના શિવાલયને મળતું હતું. મને થોડું આશ્ચર્ય થયું. કદાચ કલ્પાનામાં તેને જે આવ્યું તે દોર્યું હોય. પરંતુ તે પછીના ચાર પાંચ ચિત્રો જોતાં હું આભો બની ગયો. બિલકુલ મારૂં જ ગામ હતું. રસ્તા, મકાનો અને કેટલાક માણસોના ચિત્રમાં રહેતા ચહેરા પણ મારા પરિચિત લાગ્યા. જેમ જેમ હું ચિત્રો જોતો ગયો તેમ તેમ મને પગ નીચેની ધરતી ખસતી લાગી. મેં તને પૂછ્યું તો તેણે કહ્યું હું તો મારા મનથી ચિત્રો દોરૂં છે. મેં વારંવાર ચિત્રો જોયાં, પરંતુ તે તમામ ચિત્રોમાં તદ્દન મારૂં ગામ દોરાયેલું હતું...

હું બીજા દિવસે તેને મળવાનું વચન આપી પરત હોટલે આવ્યો. બીજા દિવસે મારા પરિવારને લઇ ત્યાં ગયો. મેં તેને પોટ્રેટ ચિત્ર બનાવવા કહ્યું. મને મોં માંગી રકમ આપવા મેં કબૂલ્યું. અમે એક શિલા પાસે બેઠા તેને મેં અમારૂં ચિત્ર ઠીક લાગે તેવા બ્રેકગ્રાઉન્ડમાં દોરવા જણાવ્યું હતું.

લગભગ એકાદ કલાક પછી તેણે ચિત્ર પૂર્ણ કર્યું હતું. અમે અધિરાઇથી ચિત્ર જોવા માંગ્યું. ચિત્ર જોતાં અમે સૌ અચંબામાં પડી ગયા. તેણે ઘરમાં બેઠક રૂમનું બેકગ્રાઉન્ડ ચિત્ર બનાવ્યું હતું. પરંતુ તેમાં દર્શાવેલ ખૂરશી, હિંચકો, પાછળની દિવાલ, કબાટ, પાણીયારૂં, ટાઇલ્સ વગેરે બિલકુલ મારા જ ઘરનાં હતા. મારા ઘરમાં બેસીને બનાવેલ હોય તેવું જ ચિત્ર હતું. મારૂં મન ચગડોળે ચઢ્યું હતું. મારા પરિવારના સૌ અચંબામાં પડ્યાં હતા. આવું શી રીતે શક્ય બની શકે. કેમ કે બેઠકરૂમની દિવાલે જે મારા મા-બાપની તસ્વીર લટકે છે તે પણ તેના ચિત્રમાં આબેહૂબ હતી.

મને થયું જરૂર આ ગયા જન્મમાં મારા ઘરનો સભ્યો હશે જ. મેં અનેક પ્રશ્નો પૂછ્યા પણ તેણે હજુ હરિદ્વાર પણ જોયું નથી. ઘણાં ચિત્રો મેં ખરીદ્યાં. તેને સાથે ઘણાં ફોટા પાડ્યા. ભારે હૈયે મસુરી છોડયું પણ મન આજે પણ કહે છે. નક્કી તેનો ગયો જન્મ અમારા પરિવારમાં જ હશે. તેની ઉંમર લગભગ ૨૨ વર્ષની હતી. મારા મા-બાપને મૃત્યુ પામે પણ ૨૨ વર્ષ થયા છે. શું આ રહસ્યમયી ચિત્રકારને આ સાથે સંબંધ હશે?